# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૮ | ૧૦ જાન્યુઆરી, ૨૦૧૫, શનિવાર ; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભારતને સુપર ઈકોનોમિક પાવર તરીકે પ્રસ્થાપિત કરીએ



## પ્રવાસી ભારતીય દિવસ ઉજવણીના બીજા દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહનું ઉદ્‌બોધન : ગુજરાત સહિત પંજાબ, કેરાલા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, હરિયાણા, ઝારખંડના મુખ્યમંત્રીશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા.૯

કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહે આજે ગાંધીનગર ખાતે પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે વૈશ્વિક ભારતીયોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારતમાં હવે સ્થાયી સરકાર છે અને આપણે બધા સાથે મળીને એટલું મૂડી રોકાણ કરીએ કે જેથી ભારતને ઈકોનોમીક પાવર જ નહીં પરંતુ સુપર ઈકોનોમીક પાવર તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કરીએ. બિન નિવાસી ભારતીયો સાથે માત્ર ધનનો જ નહીં પરંતુ મનનો પણ રીસ્તો, સંબંધ બનાવવા ઈચ્છીએ છીએ.

આ અવસરે આ મહોત્સવના યજમાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાતને સ્માર્ટ સ્ટેટ બનાવવા ગુજરાત સરકારે આદરેલા ભગીરથ પ્રયાસના પાંચ આધારસ્તંભો એવા સ્માર્ટ સ્કીમ ફૉર વેલફેર, સ્માર્ટ ઈકોનોમી, સ્માર્ટ ગવર્નન્સ, સ્માર્ટ એનર્જી તથા સ્માર્ટ હયુમન રીસોર્સ અંગે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.

પ્રવાસી ભારતીય દિવસના બીજા દિવસના કાર્યક્રમમાં વિવિધ રાજ્યોમાં રોકાણની તકો સંદર્ભે સંબોધન કરતા કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહે વધુમાં જણાવ્યું હતું કે, બિન નિવાસી ભારતીયોએ પોતાની આવડત, ક્ષમતા, બુદ્ધિથી વિશ્વભરમાં સન્માનજનક સ્થાન હાંસલ કર્યું છે તે બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.

પૂજ્ય ગાંધી બાપુએ આજથી ૧૦૦ વર્ષ પૂર્વે આફ્રિકાથી પરત આવીને ખાદી, સ્વદેશીનું આંદોલન શરૂ કરી દેશને રાજકીય આઝાદી અપાવવાની સાથે સાથે સામાજિક, આર્થિક, દ્રષ્ટિએ પણ દેશને મજબૂત બનાવવા પ્રયાસ શરૂ કર્યો હતો, તેવો મત વ્યક્ત કરી તેમણે ઉમેર્યું હતું કે દેશની અર્થ વ્યવસ્થામાં તે સમયે જે ખામીઓ હતી, તે ખામીઓ દૂર કરવા પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીએ વૈશ્વિક મંદીના કપરા સમયમાંથી દેશને બહાર લાવવા તેમણે પોતાની નીતિઓ આપી હતી. તેમણે ગુડ ગવર્નન્સ, વિકાસને ખાસ પ્રાથમિકતા આપી જનભાગીદારીને આવકારી હતી. પૂ.મહાત્મા ગાંધી અને બાજપાઈજીના આ જ નીતિ બાબતોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે આગળ વધારી રહયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવ મુખ્યમંત્રીઓનું ભારતના વિકાસમાં સહભાગી થવા વિદેશી મહેમાનોને ઈજન



## આનંદીબેનનો સ્માર્ટ મંત્ર : સ્કીલ, એનર્જી, ગવર્નન્સ, ઈકોનોમિ અને હ્યુમન રિસોર્સિસ
## પ્રવાસી ભારતીય દિનની ઉજવણી પૂર્ણ, ઉત્તર પ્રદેશના સીએમ અખિલેશની ગેરહાજરી

ગાંધીનગર, તા.૯

પ્રવાસી ભારતીય દિવસના અંતિમ તબક્કામાં વિવિધ રાજયોમાંથી ભાગ લેવા માટે આવેલા મુખ્યમંત્રીઓએ વિદેશી મહેમાનોને મૂડીરોકાણ કરવાના આમંત્રણ આપી પોત પોતાના રાજયોના વિકાસમાં સહભાગી થવા આમંત્રણ આપ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તમામને આવકાર્યા હતા, અને ગુજરાતને સ્માર્ટ બનાવવાના પાંચ મંત્રો આપ્યા હતા. મુખ્યમંત્રીઓના લિસ્ટમાં ઉત્તર-દેશના મુખ્યમંત્રી અખિલેશનું નામ હતું પરંતુ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા.

પ્રવાસી ભારતીય દિનના સમાપન પ્રસંગ પૂર્વે મહાત્મા મંદિરમાં વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓના વક્તત્વનો કાર્યક્રમ હતો પરંતુ તેમાં એનઆરઆઈ મહેમાનોની પાંખી હાજરી હોવાથી આયોજકોને સ્કૂલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ બોલાવવા પડ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટમાં ૩૫ દેશોના ૧૮૨૯ પ્રતિનિધિઓ ભાગ લેશે

## સૌથી મોટુ યુ.કે.નું ૧૬૭ સભ્યોનું ડેલીગેશન : ૨૬ દેશોના એમ્બેસેડરો, ૧૩ દેશોના હાઈ કમિશનરો, ૧૫ દેશોના મંત્રીઓ સમિટમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમીટ-૨૦૧૫ એ સાચા અર્થમાં ગેટવે ઓફ ઓપ્પ્યુનીટી તરીકે ઉભરી આવશે. આ સમીટને આંતરરાષ્ટ્રીય સ્તર પ્રાપ્ત થશે જે થકી સમગ્ર વિશ્વના આર્થિક નકશામાં ગાંધીનગર છવાઈ જશે.

૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર સાતમી વાઈબ્રન્ટ સમીટમાં ૩૫ દેશો ભાગ લેનાર છે. આ સમીટમાં ભાગ લેવા માટે ૧૮૨૯ પ્રતિનિધિ મંડળો ગાંધીનગર પહોંચી રહ્યા છે. આ સમીટમાં યુનોના સેક્રેટરી જનરલ બાનડી-મુન પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આ વાઈબ્રન્ટ સમીટનું આયોજન 'વસુધૈવ કુટુંમ્બકમ્'ની ભારતીય ભાવનાનું પ્રતીક બની ઉભરશે. ગાંધીનગર એ દેશના રાજ્યોનું પ્રથમ પાટનગર બનશે જ્યાં એક સાથે આટલી મોટી સંખ્યામાં વિદેશી અતિથિઓ આવશે.

મહાત્મા મંદિરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમીટમાં જે ૧૮૨૯ પ્રતિનિધિ મંડળોનું રજીસ્ટ્રેશન થયુ છે તેમાં સૌથી મોટુ પ્રતિનિધિ મંડળ યુ.કે. નું છે. જે ૧૬૭ સભ્યો ધરાવે છે. આ ઉપરાંત જાપાન, ઓસ્ટ્રેલિયા અને સીંગાપોર પ્રતિનિધિ મંડળના સભ્યોની સંખ્યા પણ એકસોથી વધુની છે.

આ વાઈબ્રન્ટ સમીટ દરમ્યાન ૧૫ દેશોના મંત્રીઓ, ચાર દેશના વડાપ્રધાનો, ૨૬ દેશના રાજદૂતો પણ ભાગ લેવા માટે ગાંધીનગર પહોંચી રહ્યા છે.

ગુજરાત સરકારે અત્યારે પોતાની તમામ તાકાત આ મહાનુભાવોના સ્વાગત અને તેમની સુવિધાઓ માટે કામે લગાડી દીધી છે. શનિવારની રજા હોવા છતાં તમામ વિભાગના અધિકારીઓને ગાંધીનગરમાં હાજરી આપવા માટેના આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### વાયબ્રન્ટની સાથે પલ્સ પોલિયો અભિયાનનો પણ પ્રતિકાત્મક પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૯

૧૮મી જાન્યુઆરીએ દેશમાં પલ્સ પોલિયો અભિયાન શરૂ થવાનું છે ત્યારે ૧૧મીએ વાયબ્રન્ટ સમીટના ઉદઘાટનની સાથે જ મહાત્મા મંદિરમાં આ અભિયાનનો પ્રતીકાત્મક પ્રારંભ યુ.એન.ના સેક્રેટરી જનરલ માન કી બુન દ્વારા થાય તે દિશામાં આયોજન વિચારાઈ રહ્યું છે.

આરોગ્ય તંત્રના અત્યંત વિશ્વસનીય સાધનોએ જણાવ્યું છે કે આ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા માટે સરકારને મંદિર પરિસરમાં જગ્યા ફાળવવા રજુઆત સાથેની દરખાસ્ત મુકી દેવામાં આવી છે અને તે અંગે શનિવારે મોડી સાંજ સુધીમાં મંજુરી મળી જશે તો ગણત્રીના સમયમાં જ આ આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે.

### મનુષ્ય તુ બડા મહાન હૈ ના ગાન સાથે વાયબ્રન્ટનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૯

વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫નો મંગલ પ્રારંભ 'મનષ્ય તુ બડા મહાન હૈ...'ના ગાન સાથે થશે.

ગુજરાત ટીમના થીમ સોંગ તરીકે પ્રસિધ્ધિ પામેલું આ ગીત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સૌથી પ્રિય ગીતો પૈકીનું એક છે. રાજ્ય સરકારના રાજયકક્ષાના કાર્યક્રમોમાં ગીત ગાન થતું જ રહ્યું છે તે ઉલ્લેખનીય છે.

### રાજપૂત સમાજ જીવનસાથી પસંદગી મેળાવડો અને પુસ્તિકા માટેનું આયોજન

શ્રી રાજપૂત સમાત ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર અને ગાંધીનગર જીલ્લાના તમામ રાજપૂત દિકરા-દિકરીઓને સારા શિક્ષિત અને યોગ્ય પાત્રની પસંદગી મળી રહે તે માટે સમાજે જીવનસાથી પસંદગી મેળાવડો અને તેની સંપૂર્ણ વિગત અને ફોટા સાથેની પુસ્તિકા પ્રસિદ્ધ કરવાનો કાર્યક્રમ નક્કી કરેલ છે. જે માટેના ફોર્મ રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતેથી તા. ૧/૧/૨૦૧૫ થી મેળવીને તા. ૩૧/૧/૨૦૧૫ સુધીમાં ફોર્મ ભવન ઉપર જ જમા કરાવીને તેની ફીની રૂ. ૧૧૦/ની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે. જેથી આ પસંદગી મેળાવડો અને પુસ્તિકા માટે આગામી સમયમાં તેની તારીખ નક્કી કરીને કાર્યક્રમ યોજવા માટેનું સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ છે જેમાં ગાંધીનગર શહેર અને જીલ્લાના તાલુકા માણસા, દહેગામ, કલોલ અને ગાંધીનગર વિસ્તાર પુરતો કાર્યક્રમ સિમિત રાખેલ છે જેથી રાજપૂત સમાજના તમામ દિકરા-દિકરીઓને ભાવિ યોગ્ય પાત્રની પસંદગી માટે કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના આગેવાનો અને સંસ્થાઓને નમ્ર વિનંતી કરીએ છીએ.

તા. ૮/૧/૨૦૧૫
ગાંધીનગર

સહી/-
**શ્રી કરણસિંહજી બી. વાઘેલા**
પ્રમુખશ્રી, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર


Invest in
BOLLYWOOD
or
MARATHI FILMS
Safe & Cash Returns
Experienced
Team of 20 yrs.
Call : 09821244400
Email :
yogi9821244400@gmail.com



